# આગ પછી: તમારી વ્યક્તિગત સુરક્ષાત્મક કિટનો ઉપયોગ

સમુદાય માહિતી

સુરક્ષાત્મક કિટ્સ તે લોકો માટે હોય છે જેઓ આગથી પ્રભાવિત મકાનોમાં પાછા ફરી રહ્યાં હોય. તે વધારાનાં માસ્ક્સ, ડિસ્પોઝેબલ કવરૉલ્સ અને મજબૂત હાથમોજા સાથે તમારી સ્થાનિક કાઉન્સિલ અથવા કોઈ તાત્કાલિક પુનર્પ્રાપ્તિ કેન્દ્રમાંથી ઉપલબ્ધ થઈ શકે છે.

કિટ્સનો ઉપયોગ ફક્ત મકાનની તપાસણી કરવા દરમિયાન વ્યક્તિ દ્વારા થવો જોઈએ.

તે એસ્બેસ્ટોસ નિકાલ અથવા સાફ-સફાઈ માટે <u>નથી</u>.

*આગ પછી: ઘરે સુરક્ષિતપણે પાછા ફરવું* – માહિતી પત્રિકા કિટમાં સામેલ છે, જેમાં તમારે મકાનમાં પુનઃપ્રવેશ કરતા પહેલા જાણવી જોઈએ તે આરોગ્ય અને સલામતીની બાબતોની વિગતવાર આપેલી છે.

## દરેક સુરક્ષાત્મક કિટમાં આ હોય છે:

- ડિસ્પોઝેબલ કવરૉલ્સ
- એક ડિસ્પોઝેબલ P2 ચહેરાનું માસ્ક
- મજબૂત હાથમોજા
- વાપરેલા સુરક્ષાત્મક સાધનનો નિકાલ કરવા માટે એક કચરાની થેલી

માહિતી પત્રક:

- *આગ પછી: ઘરે સુરક્ષિતપણે પાછા ફરવું*
- *આગ પછી: તમારી વ્યક્તિગત સુરક્ષાત્મક કિટનો ઉપયોગ.*





## મને કેટલી કિટ્સની જરૂર પડશે?

સુરક્ષાત્મક સાધન ડિસ્પોઝેબલ હોવાને કારણે તથા ફરીથી ઉપયોગમાં લેવાવા જોઈએ નહીં, તેથી ઘણી કિટ્સની જરૂર પડી શકે છે, મકાન પર વિતાવવાના સમયનાં આધારે.

માસ્ક્સ, કવરૉલ્સ અને હાથમોજા કાઢીને તેનો નિકાલ થવો જોઈએ:

- **જ્યારે પણ તમે કાર્યથી વિરામ લો**
- **જ્યારે તમે તમારું મકાન છોડો**
- **વાહનમાં પ્રવેશતા પહેલા.**

મજબૂત પગરખાં પહેરવાની ભલામણ કરવામાં આવે છે જે તમારું મકાન છોડતી વખતે સરળતાથી સાફ થઈ શકે અથવા ધોવાઈ શકે.

## સુરક્ષાત્મક સાધનનો ઉપયોગ કેવી રીતે કરવો:

- માસ્ક ફિટ કરવા માટેનાં માર્ગદર્શન માટે પૃષ્ઠ પરની સૂચનાઓનું અનુસરણ કરો – પુરુષોએ દાઢી અને મૂછોને માસ્ક્સ વડે સારી રીતે સીલ કરવાની સાવચેતી લેવી.

કવરૉલ્સને તમારા કપડાની ઉપરથી પહેરવા જોઈએ.

## સુરક્ષાત્મક સાધનને દૂર કરવા અને તેમનો નિકાલ કરવો:

- ડિસ્પોઝેબલ કવરૉલ્સને બહારની બાજુને અંદરની તરફ વાળીને કાઢવા તથા બેગમાં મૂકવા જોઈએ.
- હાથમોજા કાઢી નાખવા જોઈએ અને બેગમાં મૂકવા જોઈએ.
- જો પગરખાં ફેંકી રહ્યાં ન હોવ તો તેમને સંપૂર્ણપણે ધોઈ કાઢો.
- સૌથી છેલ્લે ચહેરાનું માસ્ક ઉતારીને તેને બેગમાં મૂકો.
- ગાંઠ મારીને થેલીને ચુસ્તપણે બંધ કરો.
- થેલીનો કોઈપણ રિફ્યુઝ કલેક્શન પોઇન્ટ પર નિકાલ કરો.

## વધુ માહિતી

વધુ સુરક્ષાત્મક કિટ્સ માટે અથવા જો તમને કિટનો ઉપયોગ કરવા વિશે કોઈ પ્રશ્નો હોય તો તમારી સ્થાનિક કાઉન્સિલ અથવા તાત્કાલિક

પુનર્પ્રાપ્તિ કેન્દ્રનો સંપર્ક કરો.

વિક્ટોરિયન સરકાર, 1 Treasury Place, Melbourne દ્વારા અધિકૃત અને પ્રકાશિત.
© વિક્ટોરિયા રાજ્ય, Department of Health, ફેબ્રુઆરી 2021.

# **P2** અથવા **N95** માસ્ક કેવી રીતે પહેરવું અને તપાસવું




માસ્કને પૂર્ણપણે ખોલવા માટે તેની કિનારીઓને અલગ કરો.




નાકની વાયરને એક હલકો વળાંક આપવા માટે વાળો. નાકનો વાયર માસ્કના ટોચને પ્રસ્તુત કરે છે.




બે સ્ટ્રેપ્સને એક્સ્પોઝ કરવા માટે માસ્કને ઉપરની તરફ નીચે કરીને પકડો.




તમારી તર્જની અને અંગુઠાનો ઉપયોગ કરીને બંને સ્ટ્રેપ્સને અલગ કરો.




સ્ટ્રેપ્સ પકડી રાખેને માસ્કને તમારી હડપચી નીચે કપ કરો.




સ્ટ્રેપ્સને ઉપર અને તમારા માથાથી ઉંચેની બાજુએ ખેંચો.




નીચેની સ્ટ્રેપને પાછળની તરફ તમારી ડોક પર (તમારા કાનની નીચેથી) મૂકો.




ઉપરની સ્ટ્રેપને માથાની ઉપર તાજની જેમ રાખો જેથી કરીને તે તમારા કાનની એકદમ ઉપર રહે.




નાકની વાયરને તમારા નાકનાં સેતુની આસપાસ હળવેથી દબાવો જ્યાં સુધી તે યોગ્ય રીતે ફિટ ન થઈ જાય.




માસ્ક અને કિનારીઓને ત્યાં સુધી વ્યવસ્થિત કરવાનું ચાલુ રાખો જ્યાં સુધી તમે એક સારું અને સગવડતાપૂર્ણ ફિટ ન કરી લો

## ફિટ ચેક

ધીમેથી શ્વાસ લો. જ્યારે તમે અંદર શ્વાસ લેશો ત્યારે માસ્ક સહેજ ચહેરાની તરફ ખેંચાય છે અને સંકુચિત થાય છે.




**P2** અને **N95** માસ્ક પહેરવામાં આવે ત્યારે દર વખતે એક 'ફિટ ચેક' કરવું આવશ્યક છે.




ધીમેથી શ્વાસ છોડો. માસ્ક હવાથી ભરાઈ જવું જોઈએ. આ તબક્કે એ મહત્વનું છે કે માસ્કની કિનારીઓ ફરતે કોઈ એર લીકેજ ન હોય.

જ્યારે પણ માસ્ક પહેરવામાં આવે ત્યારે દરવખતે આ દિશાનિર્દેશોનું અનુસરણ કરો. જો માસ્ક યોગ્ય રીતે પહેરવામાં ન આવે તો તે ધારેલ સ્તરની સુરક્ષા પ્રદાન કરશે નહીં તેથી નીચે વિગતવાર બતાવ્યા અનુસાર તમે એક સારું ફિટિંગ મેળવો તે અગત્યનું છે. સાફ દાઢી કરેલ પુરૂષો શ્રેષ્ઠ ફેશિયલ સીલ પ્રાપ્ત કરશે. P2 અને N95 બ્રાન્ડના માસ્ક્સ સહેજ અલગ હોઈ શકે છે. તેથી હંમેશા નિર્માતાની સૂચનાઓ અને ચેતવણીઓનું પાલન કરો.